જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૨૧ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૦૯૨/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૧૭ | ૨ | ૧૧૭૧૯ | ૧૭૮૨૭ | ૨ | ૧૭૮૨૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૦ | ૧ | ૧૨૧ | ૩૯૭ | ૦ | ૩૯૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૩૮૩૬ | ૬૭ | ૭૩૯૦૩ | ૭૪૯૧૨ | ૬૪ | ૭૪૯૭૬ |
| કુલ | | ૯૦૪૦૬ | ૭૦ | ૯૦૪૭૬ | ૯૯૪૧૮ | ૬૬ | ૯૯૪૮૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | **MV Act 1988** હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૦ | ૩,૯૦,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૯૨ | ૪,૯૨,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## વિશ્વાસઘાત/છેતરપિંડી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) ગોમતીપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૮૨૧૧૧૮૪/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૨૭૦, ૧૧૪ મુજબ (૨) નરોડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૪૫૧/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપણ બેન વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૧/૨૦૨૧ તા-૧૬/૧૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૬/૧૧/૨૦૨૧ ના કલાક-૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૬/૧૧/૨૦૨૧

## આરોપીનુ નામ

કનૈયાલાલ સ/ઓ રામપ્રવેશ યાદવ ઉ.વ.૩૧ રહે.મ.નં.એ/૩૦૬, મારુતિ હાઇટસ એપાર્ટમેન્ટ, મુઠિયાગામ, નરોડા, અમદાવાદ શહેર મુળ ગામ-મલ્ની તા. નવપેડવા બજાર જી-જોનપુર ઉત્તરપ્રદેશ

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૫/૨૦૨૧**

**આનંદનગરઃ** બીરેનભાઇ જયંતીલાલ પટેલ (રહે.રીવેરા-૧૧ ચીમનભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ પાસે, પ્રહલાદનગર આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૧ કલાક ૪/૦૦ થી કલાક ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની લોખંડની જાળી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.સાઠે ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૬/૨૦૨૧**

**માધવપુરાઃ** સંજયભાઇ રામનરેશ ગુપ્તા (રહે.શ્યામવીલા ગ્રીન, હરીદર્શન ચોકડી,સેલ્બી હોસ્પટલ સામે ન્યુ નરોડા) એ તા.૧૬/૧૧/૨૦૨૧ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા શાહપુર દરવાજા બહાર મેટ્રો-રેલવે પ્રોજેક્ટના ચાલતા કામની સાઇડ ઉપરથી કોપર વાયર ૪૨૫ કિલોગ્રામ અને બે ડ્રમ મળી કુલ કિમત રૂપિયા ૩,૮૬,૭૫૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એચ.ડી.શેલાર ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** આયુષ પુનલભાઇ પરીખ (રહે.ગાલાવિલા એકવા,ગોકુલધામ સોસાયટી,એકલ વ્યસ્કુલની બાજુમા,સનાથલ) એ તા.૧૬/૧૧/૨૦૨૧ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાથી ૨/૦૦ વાગ્યા દરમ્યાનમાં એસ.જી.હાઇવે મિર્ચ મસાલા રેસ્ટોરંટની નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી એપલ કંપનીનુ નુકી બોર્ડ સાથેનુ આઈપેડ અને એરપોર્ડ તેમજ સ્કુલબેગ મળી કુલ કિમત રૂપિયા ૬૧,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. આર.એસ.રાજપૂત ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૭/૨૦૨૧</u>**

**ઓઢવઃ** નંદનીકુમારી ડો/ઓ સુશીલકુમાર રાજપુત (ઉ.વ.૧૬) (રહે.ભગવતીનગર દ્વારકાનાથ હિન્દી હાઈસ્કુલ પાછળ સીંગરવા ઓઢવ) તા.૧૨/૧૧/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં ચા બનાવવા સારુ ગેસ ચાલુ કરવા જતા અચાનક આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તા.૧૬/૧૧/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.